**પર્યાવરણીય રીતે બિન-હાનીકારક પ્રક્રિયા દ્વારા કચરાનિકાલનું વ્યવહારુ જ્ઞાન**

નવતર પ્રયોગ કરનાર : ધર્મેશકુમાર પટેલ.

અલગ-અલગ કચરા-પેટીઓ અને ખાડાઓમાં કચરાના નિકાલની પ્રક્રિયા માં વિદ્યાર્થીઓની સહભાગિતા સુનિશ્ચિત કરીને તેમને કચરાનિકાલ ની પ્રક્રિયાથી માહિતગાર કરવા.

1. સાત કચરાપેટી ખરીદો.
2. પ્લાસ્ટિક કચરાના નિકાલ માટે ત્રણ કચરા પેટીઓ અને બાકીની ચાર કચરા પેટીઓ કાગળ અને અન્ય વિનાશ થઇ શકે તેવા કચરાના નિકાલ માટે ફાળવો.
3. કઈ કચરા પેટીમાં કયો કચરો મુકવો તેની સુચના મળી રહે તે માટે દરેક કચરા પેટી પર લેબલ લગાડો.
4. કચરાને વર્ગીકૃત કરવાનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવો.
5. વિદ્યાર્થીઓ કચરો યોગ્ય કચરા પેટીમાંજ નાખે તે માટે તેમને જરૂરી તાલીમ આપો.
6. શાળાના મેદાનમાં બે ખાડા ખોદાવો.
7. આમાંનો એક ખાડો પ્લાસ્ટિકના કચરા માટે અને બીજો ખાડો, વિનાશ થઇ શકે તેવા કચરાના નિકાલ માટે સુનિશ્ચિત કરો.
8. વિદ્યાર્થીઓનેબંને ખાડાઓમાં યોગ્ય પ્રકારના કચરાના નિકાલ માટે યોગ્ય માર્ગદર્શન આપો.
9. ત્રણ ચાર દિવસ પછી, પ્લાસ્ટિક અને વિનાશ થઇ શકે તેવા કચરાને સળગાવો.
10. થોડા સમય પછી, બીજા વધેલા કચરાને મેદાન માં ખાતર તરીકે વાપરો.

**પર્યાવરણીય રીતે બિનહાનીકારક રીતે કચરાના એકત્રિકરણ અને નિકાલની આ પ્રક્રિયા વિદ્યાર્થીઓને કચરા નિકાલની યોગ્ય પધ્ધતિનું મૂલ્ય સમજવામાં અને તેને આત્મસાત કરવામાં અને તે દ્વારા એક સારા નાગરિક બનવા માટેની પ્રક્રિયામાં મહત્વનું યોગદાન આપશે.**

**પર્યાવરણના સંરક્ષણ, સુધારણા, તથા સંતુલિત વિકાસ કરવા માટે અને પર્યાવરણ તરફના દ્રષ્ટિકોણ બદલવા માટે વિદ્યાર્થીઓને કઈ કઈ પ્રવૃતિઓ દ્વારા પ્રેરિત કરી શકાય?**

**તારણો :**

- પર્યાવરણની જાળવણી માટે બાળકોને તથા ગામના સભ્યોને પર્યાવરણલક્ષી માર્ગદર્શન પૂરું પાડવું.
- સફાઈ અને તેનું મહત્વ સમજાવીને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરીને પાણીથી થતા પ્રદુષણને અટકાવી શકાય તેમજ  બાયોગેસ જેવી પદ્ધતિઓ અપનાવીને પર્યાવરણની જાળવણી કરી શકીએ.
- પ્લાસ્ટીક કચરાના નિકાલ તથા તેને પુન:ઉપયોગ થઈ શકે તેમાટેના પ્રયત્નો કરવા.
- જૂન - જુલાઈ મહિનામાં વૃક્ષારોપણ માટે બાળકોને પ્રેરિત કરવા. પોતે રોપેલા ઝાડને ઉછેરીને તેનું જતન કરવાની જવાબદારી તેને સોંપવી ઝાડ થોડું મોટું થાય ત્યારે જે તે બાળકને તેનાં થડ સાથે પોતાનાં નામનું બોર્ડ લગાવવા પ્રેરિત કરવા જેનાથી બાળકોમાં પોતાપણાની ભાવના પેદા થાય અને પર્યાવરણ તરફ જાગૃત થાય આ ઉપરાંત શાળામાં  ઔષધબાગ તથા કિચન ગાર્ડન જેવી પ્રવૃતિઓ કરી શકાય.
- પર્યાવરણના સંરક્ષણ અને સુધારણા માટે ૧) પર્યાવરણીય અવલોકનો, વિવિધ સ્થળોની મુલાકાત, પ્રોજેક્ટ તૈયાર કરાવીને, ૨) કચરામાંથી ખાતર તૈયાર કરવાની પ્રવૃતિઓ બાળકોને શીખવાડીને, ૩) શાળાના દરેક વર્ગમાં તથા ગામની વિવિધ જગ્યાએ કચરાપેટીની વ્યવસ્થા કરાવીને, ૪) બાળકોને પર્યાવરણ પ્રદર્શન, વિવિધ રમતો, પ્રવાસ, કાગળનાં પુન: ઉત્પાદનની પ્રક્રિયા, ગ્લોબલ વોર્મિંગની અસરો, પર્યાવરણની જાળવણી,  અભિનય ગીત, કવિતા ગાન, જૂથ ચર્ચા, નાટકો, રેલીઓ, ચિત્ર સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધા,  દીવાલો પર સ્વચ્છતા સબંધી સૂત્રોચ્ચાર કરીને, વગેરે. પ્રવૃતિઓ દ્વારા પર્યાવરણ પ્રત્યેનો દ્રષ્ટીકોણ બદલવા માટે પ્રયત્ન કરી શકાય.